# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

---

Ref no. PN 2025-26/237 Dt. 08/12/2025

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ‘સકસેસ એન્ડ ઇનર પીસ માટે મંત્રા’ વિષે અવેરનેસ સેશન યોજાયું

**અવસ્થા એટલે આધ્યાત્મિક સત્ય, આ અવસ્થાથી પ્રભાવિત થઇને જ વિચારો આવે છે, જેવો વિચાર આવશે એવા જ કર્મ બનશે, એટલા માટે સારા કર્મો માટે સારા વિચારોની જરૂર છે : મિત્ર પર્ણ**

**સુરતઃ** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા રવિવાર, તા. ૭ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે ‘સકસેસ એન્ડ ઇનર પીસ માટે મંત્રા’ વિષે અવેરનેસ સેશનનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મૈત્રેય દાદાશ્રીજીના પ્રતિષ્ઠિત શિષ્ય, યુથ મેન્ટર અને ગ્લોબલ ટ્રાન્સફોર્મેશનલ સ્પીકર એવા મૈત્રીબોધ પરિવારના મિત્ર પર્ણએ સફળતા અને આંતરિક શાંતિ માટે મહત્વનું માર્ગદર્શન આપ્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, જો મન અશાંત હશે તો ઉદ્યોગ કે વ્યાપાર કઇ રીતે કરી શકાય? એટલા માટે જ ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા આવા પ્રકારના કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવે છે, જેમાં વ્યવસાયિકોને મનની શાંતિ માટે પણ માર્ગદર્શન આપવામાં આવે છે.

મૈત્રેય દાદાશ્રીજીના પ્રતિષ્ઠિત શિષ્ય, યુથ મેન્ટર અને ગ્લોબલ ટ્રાન્સફોર્મેશનલ સ્પીકર એવા મૈત્રીબોધ પરિવારના મિત્ર પર્ણએ જણાવ્યું હતું કે, હાલમાં વ્યકિત જીવનમાં વધારે રૂપિયા કમાવવા માટે, પરિવારને સારું જીવન આપવા માટે, લકઝરી લાઇફ જીવવા માટે અને સમાજ માટે કઇ કરવા માટે સતત દોડી રહયો છે,

પરંતુ આ દોડમાં વ્યકિત પોતાની અંદર કઇક મીસ કરી રહયો છે. વ્યકિતમાં જે બાબતની ઉણપ વર્તાઇ રહી છે તેને બદલવાની અથવા તેને ભરવાની જરૂર છે. અન્ય દેશોમાં લકઝરી લાઇફ વિગેરે બધું જ છે, પણ ત્યાં વ્યકિતની અંદર સંતોષનો અભાવ છે. લોકો સંતુષ્ટ નથી, તેઓને પોતાનું કહેવાવાળું કોઇ નથી, આ બાબતની તેઓમાં ઉણપ વર્તાય છે.

ભારતમાં જન્મનાર દરેક વ્યકિત સમયને મહત્વ આપે છે, તેના માટે સમય ખૂબ જ મહત્વનો છે. પૈસા તેના માટે મહત્વના નથી, પૈસા એ બાય પ્રોડકટ તેની પાસે આવે છે. સંસ્કૃતિ અને સંસ્કાર પહેલા છે, જ્યારે સંસ્કાર અને સંસ્કૃતિ હશે તો ઐશ્વર્ય અને સમૃદ્ધિ આપોઆપ આવશે. સૌથી વધારે બલવાન અને મૂલ્યવાન જો કોઇ હોય તો એ સમય છે. સમયનો યોગ્ય ઉપયોગ કરીએ તો જીવનમાં પોતાના માટે, પરિવાર માટે, સમાજ અને દેશ માટે ઘણું બધું કરી શકાય છે.

જીવનમાં રોજબરોજ આપણે ઘણી બધી મુશ્કેલીઓમાંથી પસાર થઇએ છીએ, મુશ્કેલીઓનો સામનો પણ આપણે કરી રહયા છીએ, પરંતુ રોજબરોજના જીવનમાં જે મુશ્કેલીઓ ઉભી થઇ રહી છે તેને કાયમ સ્વરૂપી દુર કરવા માટે પોતાની અંતર કાંઇક તો એવું છે જેને વ્યવસ્થિત કરવાની જરૂર છે. આજે સકારાત્મક સમય ચાલી રહયો છે, જેમાં આપણે પોતાનામાં પરિવર્તન લાવી શકીએ છીએ.

મિત્ર પર્ણએ જણાવ્યું હતું કે, અવસ્થા એટલે આધ્યાત્મિક સત્ય. આ અવસ્થાથી પ્રભાવિત થઇને જ વિચારો આવે છે. જેવો વિચાર આવશે એવા જ કર્મ બનશે, એટલા માટે સારા કર્મો માટે સારા વિચારોની જરૂર છે. વિચારોને સારા કરવા માટે પોતાના અંદરની અવસ્થાને વ્યવસ્થિત કરવી પડશે. તેમણે ઉપસ્થિતોને પરિવર્તન, પ્રેમ અને મૈત્રિભાવનો સંદેશો આપ્યો હતો.

તેમણે વધુમાં કહયું હતું કે, મૈત્રીમય પરિવારે એક સંકલ્પ લીધો છે કે જે દિવસે પૃથ્વી પર સંપૂર્ણપણે શાંતિની સ્થાપના થશે, દરેક વ્યકિત પોતાના જીવનમાં પ્રેમનો અનુભવ કરશે, મનને પરિવર્તિત કરશે, યોગ્ય દિશામાં ધર્મના રસ્તે ન્યાયપૂર્ણ રીતે સત્યના અનુભવ સાથે જીવનમાં આગળ વધશે તે દિવસે મૈત્રીમય પરિવારને એક સંસ્થાના ભાગ રૂપે ડિઝોલ્વ કરી દઇશું.

ચેમ્બરના ગૃપ ચેરમેન શ્રી કમલેશ ગજેરાએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી. ચેમ્બરની સ્પીરિચ્યુઅલ અવેકનીંગ કમિટીના ચેરમેન શ્રી સંદિપ ડોબરિયાએ સેમિનારનું સંચાલન કર્યું હતું. મૈત્રીબોધ પરિવારના મિત્ર શ્રીકાંતએ મિત્ર પર્ણનો પરિચય આપી મૈત્રી શકિત પ્રવાહની મેડિટેટીવ પ્રોસેસ થકી લોકોને તેનો આધ્યાત્મિક અનુભવ કરાવ્યો હતો.